સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

બધા નેતાઓનાં મદની સરખી સમાનતા છે,
વિનય-ક્ષમાભાવથી દૂર રહેવાની માનતા છે,
માનતા નથી, ડર પણ નથી ઉપરવાળાનો -
બસ, 'હું કરું-હું કરું' એ જ મોટી અજ્ઞાનતા છે.

હાઈકુ

હું જે કહું તે
સૂણો, મારી જ વાત
દલીલ નહીં.

લોકશાહીમાં
આદેશોની થાય છે
આકાશવાણી

ચિંતન

ઉત્તમૈર નનુ જ્ઞાતં કાર્ય નેચ્છેચ્ચ તૈઃ સહઃ ।
દેવૈઃ સાકં સુદાપાનાં દોહિચ્છિન્નં શિરોયતઃ ॥

મહાપુરુષોની આજ્ઞા કે ઈચ્છા વિના તેમની સાથે, તેમના કાર્યમાં જોડાવાની ઈચ્છા કે ચેષ્ઠા કદાપિ કરવી નહીં, કારણ કે વગર રજાએ દેવોની સાથે અમૃતપાન કરવા જતાં પ્રાચીનકાળમાં રાહુએ પોતાનું માથું ગુમાવ્યું હતું.

આજના મહાપુરુષો, રાજકારણીઓ કોઈ કાર્ય સાચા હૃદયથી કરતા નથી. બીજા શબ્દોમાં જોઈએ તો તેઓ કોઈ કાર્ય કરવા માટે કે કોઈ કાર્ય કદી પૂરું ન થાય એવા હેતુથી કરતા હોય છે.

મત મેળવવાના આશયથી ચૂંટણી પહેલા થયેલા ભૂમિપૂજન એ બાબતનું જ ઉત્તમ ઉદાહરણ છે. રાહુનું મસ્તક કપાઈ જતા રાહુ અને કેતુ બની આજની તારીખ સુધી ભટકતા રહેતા ગ્રહો મુશ્કેલીમાં છે. તેનું કારણ જ આ છે કે પૂછ્યા વિના અમૃત પામવાની પંક્તિમાં બેઠા હતા.

સુવિચાર

- જરૂરી નહીં કિ હમ સબકો પસંદ આએ, બસ,
  જિંદગી એસે જિઓ કિ કબ કો પસંદ આયે - **ઉદિર તાલુકદાર**
- જે ઈન્દ્રિયોથી જ્ઞાન થાય તે જ્ઞાનેન્દ્રિય કહેવાય - **રાજયસૂરિશ્વરજી**
- કર્મમાં બોલવાની શક્તિ છે. (અર્થાત્ કરમ પોતે બોલે છે.) - **શેક્સપિયર**
- મોત કાયરને 'વળગે' છે, જયારે બહાદુરોને 'ભેટે' છે - **રત્નસુંદર વિજયજી**
- અણ બોલાવ્યા બોલે તે તણખલાની તોલે - **ગુજરાતી કહેવત**
- અતિ વિશ્વાસ રાખશો તો કદાચ છેતરાશો,
  પણ પૂરતો વિશ્વાસ નહિ રાખો તો દુઃખી થશો - **ફ્રેંક એની**
- આજનું ઔષધ : બાળકોને કાનમાં દુઃખાવો થાય ત્યારે માતાના દૂધમાં મીઠું મેળવી તેના ટીપાં કાનમાં નાખવાથી રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક માણસનાં ત્રણ મિત્રો હતા. એ ત્રણેય મિત્રોએ જીવનભર એ માણસનો સાથ નિભાવ્યો. એક દિવસ એ માણસ મરણ પથારીએ હતો. તેણે પોતાના ત્રણેય મિત્રોને બોલાવીને કહ્યું, 'હવે મારો અંતિમ સમય આવી ગોય છે. તમે લોકો આજીવન મારી સાથે રહ્યા તે માટે તમારો આભાર, પરંતુ હવે મને તમારી એવી તો આદત પડી ગઈ છે કે હું સદાય તમારી સાથે રહેવા માંગુ છું, શું મૃત્યુ બાદ તમે મારો સાથ નિભાવશો ??' પહેલો મિત્ર બોલ્યો, 'માફ કરજે ભાઈ, મેં જીવનભર તારો સાથ નિભાવ્યો છે પણ હવે હું મજબૂર છું, હવે હું તારી કોઈ જ મદદ કરી શકું તેમ નથી.' બીજા મિત્રએ કહ્યું, 'હું પણ તારી સાથે આજીવન રહ્યો છું, અને તારા મૃત્યુ બાદ તારા અંતિમ સંસ્કાર અને ઉત્તરક્રિયા અને તારા આત્માની શાંતિ માટે જે કંઈ કરવાનું હશે તે હું કરી છૂટીશ. આપણા સંબંધ બસ ત્યાં સુધી ના છે.' ત્રીજા મિત્રએ કહ્યું, 'મિત્ર, તું જરાય ચિંતા કરીશ નહીં, તારા મૃત્યુ બાદ પણ હું સદાય સાથે જ રહેવાનો છું, તું જ્યાં પમ જઈશ ત્યાં હું તારી સાથે સાથે જ જઈશ.'મરણ પથારીએ પડેલા માણસના આ ત્રણ મિત્રોનાં નામ હતા. ધન, પરિવાર અને કર્મ. સાર એ છે કે ધન, પરિવાર અને કર્મ. મનુષ્યના ત્રણ સાથી હોય છે. ધન પરિવાર અને કર્મ. આમાંથી કર્મ જ તેનો કાયમી સંગાથી હોય છે. જે મૃત્યુ બાદ પણ તેની સાથે રહે છે.

બાંગ્લાદેશ હવે ફરી પાછું પાકિસ્તાન બની રહ્યું છે

તંત્રીસ્થાનેથી...

ગરીબડા બાંગ્લાદેઓશી હિંદુઓને બદનામ કરી એમનાં ઘર અને મંદિરો પર હુમલા કરવાની ઘૃણાસ્પદ યોજના ખુદ ત્યાંની સરકારે પકડી પાડી છે. દુર્ગા પૂજાના પંડાલમાં ગણપતિના પગ નીચે કુરાન સંતાડીને છટકી ગયેલા બદમાશો સીસીટીવી ફુટેલજના આધારે ઓળખાઈ ગયા છે. એ મુસલમાનો જ હતા અને કુરાનના અપમાનના મુદ્દે નિર્દોષ હિંદુઓને એમના લોકપ્રિય તહેવાર પ્રસંગે જ બદનામ કરી હુલ્લડો કરાવવા માગતા હતા. એમના બદઈરાદામાં જ એ સફળ પણ થયા અને એક પંડાલથી શરૂ થયેલી આગચંપી અને તોડફોડ બીજાં અનેક ગામો સુધી પહોંચી જેમાં લઘુમતી તરીકે હરહંમેશ ભયના ઓથાર નીચે જીવતા હિંદુ પરિવારો માટે બાંગ્લાદેશ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન કરતાં પણ બદતર અને ભિનસલામત બની ગયું હોય એવું પ્રદૂષિત વાતાવરણ સરજાવા પામ્યું છે. બાંગ્લાદેશની શેખ હસીના સરકાર ભારત સાથે મૈત્રીપૂર્ણ સંબંધ ધરાવે છે અને એના અનેક વિકાસ ઉપક્રમો ભારતના સહયોગથી ચાલી રહ્યા છે. પરંતુ કોમી ઝેર તો છેક ૧૯૪૬-૪૭થી ફેલાયેલું છે. ગાંધીજીએ દેશનું સ્વાતંત્ર્ય પર્વ ઊજવવા દિલ્હીમાં રોકાવાને બદલે કોલકાત્તા અને નોઆખલીમાં ચાલતા કોમી દાવાનળને ડામવા માટે કોઈ પણ જાતની સુરક્ષા વગર પદયાત્રા કરી હતી. બાંગ્લાદેશનાં ખરાં જન્મદાત્રી તો ઈંદિરા ગાંધી જ ગણાવાં જોઈએ. ભારતે બંગબંધુની મુક્તિવાહિનીની વહારે સેના ન મોકલી હોત તો આજે પણ એ પૂર્વ પાકિસ્તાન જ રહ્યું હોત. શેખ મુજીબ તો બિનસાંપ્રદાયિક નેતા હતા પણ બાંગ્લાદેશના એમના પછીના મિલિટરી શાસકોએ એને ઈસ્લામિક દેશ બનાવીને જ રાહત અનુભવી. બંધારણ બદલી નાંખવામાં આવ્યું. ફરી એક વાર એ પાકિસ્તાન જ બની ગયું છે એમ કહેવામાં અતિશયોક્તિ નહીં લાગવી જોઈએ. અત્યારે ભલે શાસન શેખ હસીનાનું હોય અને ભારતની ડગલે ને પગલે ગરજ હોવાને લીધે ભલે એ હિંદુઓને સુરક્ષા પૂરી પાડવાના આદેશ બહાર પાડતાં હોય પરંતુ એમના આદેશોનો કેટલો અમલ થાય છે એ જોવાનું રહે છે. કટ્ટરવાદી જૂથો એ બાંગ્લાદેશને અફઘાનિસ્તાનમાં ફેરવી નાખ્યુ છે. હિંદુઓ બિલકુલ સલામત નથી. ૧૯૭૧ના યુદ્ધ વખતે જ પાકિસ્તાની લશ્કરે હિંદુઓનો કચ્ચરઘાણ વાળી દીધો હતો અને ઘણા બધા હિંદુ પરિવારોએ ત્યાંથી ભાગીને પશ્ચિમ બંગાળ કે આસામમાં આશરો લીધો હતો. બાંગ્લાદેશના આશ્રિતો પાછળ ભારતને ખાસ સેસ લગાડીને એમના નિભાવ માટેની તોતિંગ રકમ ભારતીય નાગરિકોનાં ખિસ્સામાંથી સેરવવી પડી હતી. આઝાદ કરાયેલા બાંગ્લાદેશને ભારતના જ એક રાજય તરીકે ભેળવી દેવાનું સાહસ ઈંદિરા ગાંધી નહોતાં કરી શક્યાં નહીંતર એ વખતે એ અશક્ય નહોતું. આવડા મોટા ઉપકારનો બદલો બાંગ્લાદેશ કેવી રીતે વાળી રહ્યો છે ? એ પણ આતંકવાદનું મિની પારણું બની રહેલ છે. ભારતમાં ઘૂસતાં આતંકવાદીઓ ફક્ત કાશ્મીરની સરહદેથી જ ઘૂસે એવું નથી. તેમને નેપાળ અને બાંગ્લાદેશ થઈને ભારતમાં 'ઈઝી એન્ટ્રી' સુલભ થતી રહી છે. રવીન્દ્ર નાથ ઠાકુર અને નઝરુલ ઈસ્લામની કવિતા આતંકવાદી તત્ત્વોને થોડી રોકી શકશે ? સરકારે પાડોશી ભિખારી જેવા દેશ પ્રત્યે કડક વલણ અપનાવવાની જરૂર છે. નહીંતર એ કટ્ટર ઈસ્લામિક દેશોની હરોળમાં પહોંચી જઈ એક દિવસ ભારત માટે પાકિસ્તાન જેવી જ શિરોવેદના બની રહેશે. તાલિબાન જેવાં જ તત્ત્વોએ દુર્ગાપૂજા વખતે ષડયંત્ર કરીને લઘુમતી હિંદુ પ્રજાને બદનામ કરવાની અને એને અપમાનિત કરવાનો હિચકારો પ્રયાસ કર્યો હોવાનો પર્દાફાશ થઈ ચૂક્યો છે ત્યારે હસીના સરકાર એવાં તત્ત્વો સાથે કેટલી કડકાઈથી કામ લઈ શકે છે તે પમ જોવું રહ્યું. જે કુરાન દુર્ગાપૂજાના પંડાલમાંતી મળી આવું હતું તે સાઉદી અરબથી ખરીદેલી નકલ હોવાનું બહાર આવ્યું છે. કુરાન જેવા પવિત્ર ધાર્મિક ગ્રંથનો હિંદુઓને હેરાન કરવા માટે આ રીતે હીન પ્રયાસ થાય તે કેવી વિડંબના છે ! ઈસ્લામિક આતંકવાદની આ પરાકાષ્ઠા નથી તો બીજું શું છે ? વડાપ્રધાન નરેન્દ્ર મોદી કે ગૃહમંત્રી અમિત શાહ પાકિસ્તાન પર ઍર સ્ટ્રાઈક કે સર્જિકલ સ્ટ્રાઈકલ કરી શકે છે પણ બાંગ્લાદેશના હિંદુ પર પાકિસ્તાનમાં રહેનારા હિંદુઓ કરતાં પણ વધારે જુલમ ગુજારાઈ રહ્યો છે ત્યારે શેખ હસીનાને બે આકરા શબ્દો સંભળાવી શકતા નથી તે શું સૂચક નથી ? ભારતે પાકિસ્તાનની જેમ બાંગ્લાદેશને પણ ઍર પાર દુશ્મન રાષ્ટ્ર ગણવું પડે તે દિવસો દૂર નથી. લેખિકા તસલીમા નસરીન અમથી નથી ભાગી આવી.

લેબોરેટરીના ધજાગરા અને સત્ય

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

આજે શરદપૂર્ણિમાની રાત્રે ચંદ્ર સોળે કળાએ ખીલ્યો છે. ચાંદની રાતમાં ચારેબાજુ ચંદ્ર પોતાની ચાંદી જેવી શીતળતા પ્રસરાવી રહ્યો છે. નવરાત્રી ગઈ પછી થોડા દિવસોમાં શરદ પૂનમ આવી. શરણપૂર્ણિમાના ગરબા ઘણી જગ્યાએ થતા હોય છે. ઘણી જગ્યાએ ખેતર અથવા ફાર્મ હાઉસમાં ગરબા અને પાર્ટી થતી હોય છે. બધા જ પોત-પોતાની રીતે આનંદ કરતા હોય છે. ક્યાંક ક્યાંક હજુ પણ વરસાદનું પાણી ભરાયેલું છે અને તેમાં મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયાના વાયરસ મચ્છરની સાથે ફરતા હોય છે. આ વખતે ચિકનગુનિયાના વાયરસે કોહરામ મચાવ્યો છે. ચારેબાજુ ચિકનગુનિયાના દર્દીઓ, ડેન્ગ્યુના દર્દી કરતા વધારે પ્રમાણમાં જોવા મળે છે. આ વર્ષે મેલેરિયા, પ્લાઝમોડિયમ વાઈવેક્સ ખૂબ જ ઓછા પ્રમાણમાં જોવા મળ્યો છે. જયારે પ્લાઝમોડિયમ ફાલ્સીફેરમનું પ્રમાણ થોડું વધારે છે. આગળ ઘણી વખતે ચર્ચા કરી છે કે સાદી લેબમાં ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયાની તપાસ સારી રીતે થાય છે.

પણ PCR પદ્ધતિની મજા કંઈ ઓર હોય છે. આ બધું ડાહ્યાલાલ બોલતા ગયા અને ગાંડાલાલ સાંભળતા ગયા. ગાંડાલાલે પૂછ્યું તમારી વાત તો ચોપડામાં લખેલી સાચી હોય છે. પરંતુ અત્યારે એવા પણ રિપોર્ટ જોવા મળે છે. પહેલા લોહીમાં કંઈ પોઝીટીવ ના આવે. પછી તાવના ઉતર્યા બાદ ફરી કરાવવામાં આવે ત્યારે થોડા પ્લેટલેટ ઓછા થયેલા હોય. જેમાં કંઈ જ પોઝીટીવ ના હોય અને ત્રીજી વાર ટેસ્ટ કરાવો ત્યારે ફાલ્સીફેરમ, મેલેરિયા દેખાય. ગાંડાલાલ બોલ્યા એનો એવો અર્થ થાય ને આગળના બે રિપોર્ટમાં મેલેરિયા ના પકડાયો એટલે રિપોર્ટ ખોટો ગયો. ડાહ્યાલાલે કહ્યું, ના ભાઈ એવું નથી. રિપોરટ તો સાચા જ હોય પણ શરીરમાં મેલેરિયાના જંતુનું ઈન્ક્યુબેશન અગત્યનુ છે. એ ક્યારે થયું. અને બરોળમાંથી મેલેરિયાના જંતુ ક્યારે લોહીમાંથી ફરવા લાગ્યા. અને જો લોહીમાં ફરતા હોય તો જ રિપોર્ટ પોઝીટીવ આવે. એટલે આગળ જે બે વખત ટેસ્ટ કરાવ્યા હતા. એમાં કદાચ મેલેરિયાના જંતુ નહીં હોય તેથી મેલેરિયા હોવા છતાં મેલેરિયાનો રિપોર્ટ નેગેટીવ આવ્યો હશે.

ગાંડાલાલ બોલ્યા એ તો ઠીક છે હમણાં અમારા સગામાં એક રુપલબેનને તાવ આવ્યો, પહેલી વાર પ્લેટલેટ કાઉન્ટ ઓછો આવ્યો. ડૉકટરે કહ્યું કે ડેન્ગ્યુ અથવા તો વાયરલ ફીરવ હોઈ શકે. બે દિવસ પછી ડેન્ગ્યુનો ટેસ્ટ ફરી કરાવ્યો. તો ડેન્ગ્યુ પોઝીટીવ આવ્યો. ડૉકટરે ડેન્ગ્યુની દવા આપી. ત્રણ દિવસ થયા પણ રોજ સાંજે તાવ આવતો હતો. ડૉકટરે કહ્યું, 'આ લક્ષણ સામાન્ય રીતે મેલેરિયામાં આવે. હવે વાત એ છે કે પહેલા ડેન્ગ્યુ પોઝીટીવ આવ્યો અને ફરીવાર બે દિવસ પછી મેલેરિયા પોઝીટીવ આવ્યો. આવું તો હોય... ગાંડાલાલે કીધું આ તો લેબવાળાની ભૂલો જ છે. કંઈક કાચું કપાઈ ગયું છે. ડાહ્યાલાલે કહ્યું આજે જ મેં ઈન્ટરનેટ પર વાંચ્યું છે કે જયારે ઈન્ક્યુબેશનમાં રોગ હોય ત્યારે લોહીમાં પોઝીટીવ ના આવે અને એકી સાથે બે રોગ હોઈ શકો. મેલેરિયાના જંતુ અને ડેન્ગ્યુના જંતુ બંને શરીરમાં હોય બંનેના ઈન્ક્યુબેશન સમય જુદાં જુદા હોય ત્યારે આવું બની શકે.

એટલે લેબોરેટરી ખોટી નથી.... પણ સમય અંતરે શરીરમાંથી જે રીતે લોહીમાં જંતુ હોય એ પ્રમાણે ડાયગ્નોસ્ટીક થાય છે....

કવિ પ્રહલાદ પારેખ : સૌંદર્યનો શણગાર

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

કોઈ એક ભાવક કે જેને ગુજરાતી કવિતા વિશેનો ખાસ અભ્યાસ ન હોય તેવા વ્યક્તિ માટે પણ કવિ પ્રહલાદ પારેખની કાવ્યભોમમાંથી પસાર થવું એ પ્રસન્નતા આપનારો મીઠો અનુભવ છે. ભરપેટ સૌંદર્યયાત્રાનો અનુભવ કરાવનારા આ કવિ છે. સૌંદર્ય તેમજ કલાનું નક્શીકામ કવિ પ્રહલાદ પારેખના કાવ્યોમાં સતત ડોકાતુંરહે છે. સૌંદર્યનું ગાન એ આ કવિની ઓળખ છે. કવિ પ્રહલાદ પારેખને આ સૌંદર્યના ગાણાની સતત પ્રતિક્ષા રહે છે. આ સંદર્ભમાં સાંઈ મકરંદની થોડી પંક્તિઓનું અહીં સ્મરણ થાય છે.

સૌંદર્યનું ગાણું મુખે મારે હજો
જ્યારે પડે ઘા આકરા
જ્યારે વિરૂપ બને સહુ
તે વેદનાની ઝાળમાં
સળગી રહે વન સામટાં
ત્યારે અગોચર કોઈ ખૂણે
લીલ વરણાં ડોલતાં હસતાં ફૂણાં
તરણા તણું ગાણું મુખે મારે હજો.

સંસાર છે તેમાં ચડાવ ઉતારની પ્રક્રિયા તો સામાન્ય છે. એક સરખો અનુકૂળ સમય બહુ ઓછા લોકોનો કદાચ જતો હશે. જીવન છે ત્યાં સુધી સમસ્યા છેજ. પરંતુ આ બધી પ્રતિકૂળતાઓ વચ્ચે સૌંદર્યનું દર્શન કરી શકવાની શક્તિ આપણાં સૌની છે. કવિ પ્રહલાદ પારેખે આકંઠ જીવનના આ સૌંદર્યનું પાન કર્યું છે અને તેનુંજ ગાન કરીને સુંદરતાનો ફેલાવો જન જન સુધી કરવાનો નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ કર્યો છે.

કવિ પ્રહલાદ પારેખનો જન્મ ભાવનગરમાં તારીખ ૨૨-૧૦-૧૯૧૧માં થયો હતો. ૨૦૧૨માં ગુજરાતે તેમની જન્મશતાબ્દી વંદના કરી. કવિની જન્મજયંતિના આ માસમાં કવિનું સ્મરણ અનેક સાહિત્યપ્રેમીઓને થયું હશે. ૧૯૬૨માં મુંબઈમાં કવિએ આ જગતની વિદાય લીધી. કવિ ઉપરાંત એક આદર્શ શિક્ષકની સક્રિય ભૂમિકા તેમણે ભજવી. નાનાભાઈ ભટ્ટની તપશ્ચર્યાના બળે ભાવનગરમાં દક્ષિણામૂર્તિ શાળાની શરૂઆત થઈ. કવિ પ્રહલાદ પારેખનું માધ્યમિક શિક્ષણ દક્ષિણામૂર્તિમાં થયું. જે સંસ્થામાં નાનાભાઈ ભટ્ટ તથા હરભાઈ ત્રિવેદી જેવા સમર્પિત શિક્ષણવિદ્દો હોય ત્યાં વિદ્યાર્થીના ઘડતરમાં એક ભિન્ન તરાહ આવે તે સ્વાભાવિક છે. કવિનું આ શાળામાં મૂળભૂત સંસ્કારસિંચન થયું. ગુજરાત વિદ્યાપીઠ તથા શાંતિનિકેતનના નિવાસને કારણે તેમનું ઘડતર મજબૂત થયું. શાંતિનિકેતનના સહવાસે તેઓનું આકર્ષણ રવીન્દ્રસંગીત તરફ થયું. શાંતિનિકેતનના રંગોત્સવોએ કવિની ચેતનામાં સૌંદર્ય ઠાંસોઠાંસ ભર્યું. સૌરાષ્ટ્રના લોકસંગીતના સ્વાભાવિક સંસ્કાર તથા કવિગુરુ ટાગોરની કૃતિઓના છંદોલયે તેઓ સૌંદર્યના રંગે પૂરેપૂરા રંગાયા છે. ''સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે આપમેળેલ્લલ્લ એ કવિ ઉમાશંકર જોશીની પંક્તિઓ મુજબ કવિના ભાવવિશ્વમાં સૌંદર્ય સિવાય કોઈ રંગો ચડ્યા નથી. તેમણે પોતાની સમગ્ર સર્જનયાત્રામાં સૌંદર્યની ભરપેટ લહાણી કરી છે. ગાંધીયુગનો જે પ્રભાવ કવિઓ પર પડેલો છે તેની પણ ખાસ અસર આ કવિની રચનાઓ પર નથી. પ્રહલાદ પારેખ અભિવ્યક્તિના સાદા છતાં સામર્થ્યવાળા કાવ્યસૌંદર્યને સહજ રીતે પ્રગટાવી શક્યા છે તેવું કવિ દલપત પઢિયારનું તારણ સર્વથા ઉચિત છે. ('પરબલ્લ જાન્યુઆરી : ૨૦૨૧)

કવિના અનેક સર્જનો પૈકીના બહુ થોડા સર્જનોની કાવ્યપંક્તિઓ ચિરકાળ સુધી જીવાતી તથા ગવાતી આપણે જોઈ છે. આ બાબત સ્વાભાવિક છે. 'પ્રેમળ જ્યોતી તારો દાખવી' કે 'એકજ દે ચીનગારી' જેવી કાવ્યપંક્તિઓ ભાષાની સ્મૃતિમાં જડાઈ જતા હોય છે. કવિ પ્રહલાદ પારેખની નીચેની પંક્તિઓ એ લોકહૈયે પણ જડાઈ ગયેલી છે.

આજ અંધાર ખુશબોભર્યો
લાગતો, આજ સૌરભભરી
રાત સારી; આજ આ શાલની
મંજરી ઝરી ઝરી, પમરતી
પાથરી દે પથારી.

ભાવકના મનમાં સદાકાળ સુધી કોતરાઈ જાય તેવા આ કાવ્યના ઉપાડથીજ ભાવક તેના તરફ ખેંચાય છે. અંધાર અને તે પણ ખુશબુથી હર્યોભર્યો એ વાત માણવી – મમળાવવી ગમે તેવી છે. કોઈ રાતરાણીની સુગંધ અંધકારને પણ ખુશબથી શણગારી જાય છે. તેથી કવિને ''આજ'' નો આ અનુભવ – આ પ્રતિતિ અલગજ સૌંદર્યજગતમાં લઈ જાય છે.

અંધકારના વિવિધ રૂપો ગુજરાતી કવિતાઓમાં જોવા મળે છે. સર્વનો એક જૂદો સંદર્ભ છે છતાં અંધકાર તેમા સામાન્ય છે. કવિ રાજેન્દ્ર શુકલના 'ઊંટ ભરીને આવ્યું રે અંધારું લો !' પણ અહીં સ્મૃતિમાં આવે છે. કવિ પ્રહલાદ પારેખની બીજી બે સુંદર પંક્તિઓમાં રાત કે અંધકારનો સંદર્ભ લઈ નયનરમ્ય કલ્પના થઈ છે. કવિ લખે છે :

સુધાભરી તારક પ્યાલીઓને
આકાશથાળે લઈ રાત આવે.
અંધકારે મુજ અંતરમાં
કર્યો દીપ આનંદતણો ઝગતો.

અંધકાર સાથેનો આપણો ભાવ કે કલ્પના પણ ભય કે કેટલીક વખત નીરાશા – હતાશાની લાગણી સાથે સામાન્ય રીતે જોડાયેલા છે. પરંતુ આ સામાન્ય લાગણીથી વિપરીત કવિ પ્રહલાદ પારેખે અંધારાને પણ શણગાર્યું છે. અંધારાને પણ અપનાવી લેવાની વાત ખૂબ મૌલિક છે. સૂર્ય નારાયણના તો વ્રત થાય, પૂજા અર્ચના પણ થાય. પરંતુ ''શ્યામલને સોહાવવાની'' કવિની રીત નિરાળી છે.

થાયે છે રોજ રોજ પૂજા સૂરજની
ને ચાંદાનાંય વ્રત થાતાં :
આનંદઘેલાં હૈયે અમારાં આજ
અંધારાનેય અપનાવ્યું !
હો આજ અમે અંધારું શણગાર્યું.

મધ્યકાળના સાહિત્યથી અર્વાચીન ગુજરાતી રચનાઓએ જૂદી દીશા પકડી છે તેમજ સ્વરૂપો બદલ્યા છે. સૌંદર્યાભીમુખ આ રચનાઓના પાયામાં કવિ કૃષ્ણલાલ શ્રીધરાણી તથા કવિ પ્રહલાદ પારેખની રચનાઓનું પ્રાધાન્ય છે તેમ કહેવું ઉચિત થશે. કવિની જન્મજયંતિના સમયે તેમની સ્મૃતિને વંદન કરીએ.

હાસ્ય એ માણસને મળેલો વિશેષાધિકાર છે!

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

એવું કહેવાય છે કે હસવું એ ગુજરાતીઓની તાસીર નથી..જો કે પારસીઓ એ પણ ગુજરાતી જ ગણાય છે..આમ છતાં એમની રમૂજવૃત્તિ વખણાય છે.ગામડાઓમાં લગ્નમાં ગવાતાં ફટાણાં કે ચોરે બેસી થતી ગપસપ હાસ્ય માટેનાં મર્યાદિત પ્લેટફોર્મ હતાં..જુની રંગભૂમિમાં હાસ્યગીતોની બોલબાલા રહેતી..જે માણસ વાતવાતમાં હસતો હોય એને આપણે ત્યાં ગંભીરતાથી લેવામાં આવતો નથી... હકિકતમાં મુક્ત મને અને મોકળાશથી હસવું એ આજના યુગની તાતી જરૂર છે... સ્મિત, મરકલું, મલકાટ, હાસ્ય, અટ્ટહાસ્ય એ એનાં વિવિધ સ્વરૂપો છે...

હાસ્ય એ માણસને મળેલો વિશેષાધિકાર છે.. સાક્ષરોના મતે હાસ્ય રસ એ શૃંગાર રસમાંથી ઉત્પન્ન થતો ગૌણ રસ છે..એમના મતે સાહિત્યના મુળ રસ ચાર છે..શૃંગાર વીર રૌદ્ર અને બીભત્સ...આપણે ગુજરાતીઓ હસવામાં જાણે હાણ અનુભવીએ છીએ..

'હસે તેનું ઘર વસે' એવી કહેવત હોવા છતાં ગુજરાતી સાહિત્યમાં હાસ્ય રસ હંમેશાં ઉપેક્ષિત રહયો છે..નર્મદ તો માનતો 'રડવામાં રસ ગુણ બહુ,હસવામાં બે હાની..' પંડિતયુગના સાક્ષર નવલરામે આપણી ભાષાનો પ્રથમ હાસ્યનિબંધ 'ઓથારિયો હડકવા' નામે લખેલો..જે લેખક બનવાની ઘેલછા ઉપર કટાક્ષ કરતો હતો..આજે એ ઉત્પાત નજરોનજર દેખાય છે ને ? ! એ પછી એમણે 'ભટનું ભોપાળું' નામે હાસ્યનાટક... પ્રહસન લખ્યું... પંડિતયુગના સાક્ષરોમાં હાસ્ય રસ મુશ્કેલ શોધવો પડે..

જો કે કવિ દલપતરામની હાસ્યકવિતાઓ એક સમયે જાણીતી હતી.. 'અન્યનું તો એક વાંકું આપનાં અઢાર છે..' એ કવિતા આપણને સહુને આજે પણ યાદ છે..આપણે ત્યાં કાર્ટૂનકળા એટલે કે કૃઠાચિત્રો પણ એટલાં પ્રચલિત નથી..હાસ્યલેખોના સંગ્રહ પણ બહુ જૂજ પ્રગટ થાય છે..હાસ્યપ્રધાન નવલિકાઓ કે સંપુર્ણપણે હાસ્યનું સામયિક એ પણ દુર્લભ વાત છે..એ રીતે જોઈએ તો હાસ્યનો દુષ્કાળ એ આપણી ઓળખ ગણાય...ગુજરાતી ચલચિત્રોમાં હાસ્ય આધારિત ફિલ્મ હોય એ પણ નવાઈની વાત છે. બાકી આપણે ત્યાં ભવાઈ જેવી ઉચ્ચ પરંપરા હતી જેમાં હાસ્યની સાથે સર્જનાત્મકતા માટે જબરજસ્ત શક્યતાઓ હતી..

આમ છતાં ગુજરાતી ભાષાની સળંગ હાસ્ય નવલકથા 'ભદ્રંભદ્ર' રમણભાઈ નીલકંઠ દ્વારા ૧૯૦૦માં લખાઈ..જે આજે પણ અજેય છે...ઈ.સ.૧૯૩૬માં જ્યોતીન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતાએ સંયુકત રીતે 'અમે બધાં ' એ નામે સળંગ હાસ્ય નવલકથા લખી જે પ્રયોગ પણ પછી ચાલ્યો નહીં...જ્યોતિન્દ્ર દવેએ 'ભદ્રંભદ્ર'ની પ્રસ્તાવના લખતાં કહ્યું હતું કે નવા લેખકો માટે આ નવલ માર્ગદર્શક બની રહેશે એ આજે સવાસો વરસ પછી પણ એ નવલકથા માટે સાચી ઠરે છે..આપણી ભાષામાં કવિઓ ,ગઝલકારો, વાર્તાકારો મબલખ રેલાય છે.. પણ હાસ્ય લેખક કે લેખિકાની યાદી બનાવવી હોય તો શરૂઆત કયાંથી કરવી એ સવાલ છે...કોઈ નવો સર્જક આમાં પગ માંડતો નથી એ એક આશ્ચર્ય છે...

રમૂજ,ટોળટીખળ,ઠઠ્ઠામજાક એ આપણા સાહિત્યમાં દુર્લભ ચીજ છે..જેને કંઈક અંશે જ્યોતિન્દ્ર દવેએ એમના હાસ્યલેખનથી પુરી કરી..આજ સુધી એમની કક્ષાનો હાસ્યલેખક આપણી ભાષામાં નથી.. ચુનીલાલ મડિયાએ પણ હાસ્ય લેખો લખેલા.એક જમાનામાં ગગનવિહારી મહેતા અને ચિનુભાઈ પટવા 'ફિલસુફ' નું હાસ્યજગતમાં નામ હતું...એ પછી મધુસૂદન પારેખ,બકુલ ત્રિપાઠી, વિનોદ ભટ્ટ, રતિલાલ બોરીસાગર ,નિરંજન ત્રિવેદી અને અશોક દવે એમ હાસ્યલેખકોની યાદી અત્યંત મર્યાદિત છે..

તારક મહેતા અને એમનો ટપુડો એક સીમાચિન્હરૂપ છે..લા.ઠા.એ કવિતામાં ''લઘરો'' નામે પાત્ર સર્જ્યું હતું..રમેશ પારેખનો હાસ્ય વ્યંગનો કાવ્યસંગ્રહ ''ખમ્મા આલા બાપુ ને'' અનોખો છે..એ સિવાય નાથાલાલ દવેની હાસ્યકવિતાઓ પણ જાણીતી છે..આમ છતાં ગુજરાતી કવિઓ માટે હાસ્ય એ મનગમતો વિષય નથી.. હાસ્ય કવિ સંમેલન પણ ઓછાં થાય છે.. એનું કારણ એ પણ છે કે મુળમાં આપણી પ્રજા હાસ્યને સહજ માનતી નથી..

કોઈકને હસાવવાનું કામ અતિ મુશ્કેલ કામ છે... હાસ્ય રસ નિષ્પન્ન કરવા જતાં ઘણીવાર અતિ સપાટ અને કૃતક કૃતિ સર્જાઈ જતી હોય છે.. ખડખડાટ હસવું એ તંદુરસ્તીની નિશાની છે.. હાસ્ય માણસની તંગ મનોદશાને મુલાયમ બનાવે છે... ગાંધીજીની રમૂજવૃતિ જાણીતી છે... 'સત્યના પ્રયોગો'માં 'ધણીપણુ' પ્રકરણ વાંચી જવું... એ કહેતા કે 'મારામાં જો રમૂજવૃતિ ના હોત તો જાહેરજીવન મારા માટે ભારરૂપ બની ગયું હોત' ગુજરાતી સાક્ષરો એટલે ધીરગંભીર અને ઠાવકાઈ ધારણ કરેલ સજ્જનો એવી છાપ છે.. શિષ્ટ સાહિત્યમાં હાસ્યલેખકોને આજેપણ જોઈએ એવાં માનપાન મળતાં નથી..ગુજરાતી સાહિત્યમાં હજુપણ 'ભદ્રંભદ્ર' જેવી નવલકથા સો વરસ પછી પણ એની અનુગામી નવલકથાની પ્રતીક્ષા કરે છે.. આજે પણ જયોતિન્દ્ર દવે જેવા ઉચ્ચ હાસ્યલેખકની રાહ જુએ છે...

જીવન એ દુઃખોની પોટલી છે એ વાત સાચી પણ એ બચકામાં હાસ્ય નામે એક અદ્ભૂત ભાથું કુદરતે મૂકેલું છે.. જો આપણે એનો ઉપયોગ કરીએ તો આપણા શ્વાસમાં હળવાશ આવી જતી હોય છે..હસવાનો ઈલમ ફકત માણસ પાસે છે..જો એ ધારે તો આપત્તીઓ એ થકી અળગી થઈ જતી હોય છે..વિનોદ ભટ્ટ કહે છે Humour is a dry tear.." ખરેખર આંસુ એ વ્યથા માટેનો કુદરતી લેપ છે...

જગતમાં માણસ એકમાત્ર એવું પ્રાણી છે જેને હાસ્યનું વરદાન ઈશ્વરે આપ્યું છે..અમુક પ્રકારની વ્હેલ માછલી સ્માઈલ આપતી હોય છે..આપણે જેને ઉપહાસનો પર્યાય ગણીએ છીએ એ ગધેડો અમુક અંશે હસી શકે છે એવાં સંશોધનો પણ થયાં છે..

હકિકતમાં કોઈકને હસાવવાનું કામ અતિ દુષ્કર છે... કામલપુર ગામમાં નાનપણમાં જોયેલી ભવાઈ અને રંગલો રંગલીની રમઝટ એ હાસ્ય સાથેનો પ્રથમ અનુભ